મેઘરજના ઈપલોડા દૂધ મંડળીને લોકોએ તાળું માર્યું

સતત ત્રીજા દિવસે વિરોધ યથાવત, જવાબદાર તંત્રના કર્મીઓ પહોંચતા હોબાળો, પોલીસ પહોંચી

અરવલ્લી જીલ્લામાં મોટા ભાગની દૂધ મંડળીઓ અને સહકારી મંડળીઓ વિવાદના વમળોમાં ફસાતી હોય છે ત્યારે મેઘરજ તાલુકાના ઈપલોડા દુધ મંડળીમાં છેલ્લા એક વર્ષથી ઉચાપત

અને કૌભાંડના મુદ્દે મંડળીના સભાસદો અને ચેરમેન-સેક્રેટરી વચ્ચેના વિવાદમાં કસ્ટોડીયન નીમાયા હતા પરંતુ સભાસદોની જાણ બહાર જિલ્લા રજીસ્ટ્રારને મંડળીનો અહેવાલ સુપ્રત કરતા બુધવાર રાત્રે સભાસદો દ્વારા દૂધ મંડળીને તાળાબંધી કરી મંડળીમાં દુધ ભરાવવાનુ બંધ કરી કસ્ટોડીયન સામે સભાસદોએ વિરોધ દર્શાવ્યો હતો.સતત ત્રીજા દિવસે વિરોધ યથાવત રહેતા શુક્રવારે જીલ્લા રજીસ્ટ્રાર કચેરીના કર્મીઓ અને સાબરડેરીના કર્મીઓ ઈપલોડા દૂધ મંડળીમાં પહોંચતા ગામ લોકોના

ટોળેટોળા ઉમટતા કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે પોલીસની મદદ લેવામાં આવી હતી

મેઘરજ તાલુકાના ઈપલોડા ગામની ઈપલોડા દુધ ઉત્પાદક સ.મંડળીમાં છેલ્લા એક વર્ષથી ઊચાપત અને કૌભાંડ મૂદ્દે વિવાદ ચાલી રહ્યો છે આ અંગે જીલ્લા રજીસ્ટ્રાર અને કલેકટરને ગ્રામજનોએ આવેદનપત્ર આપતા જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા વિવાદિત મંડળીના વહીવટ માટે સાબરડેરીના સી. ઓફિસરની નીમણુક કરવામાં આવી હતી. જે વહીવટદારે જિલ્લા રજિસ્ટ્રારને રીપોર્ટ કર્યો હતો કે તા. ૬ જુલાઈ ૨૦૨૦ના રોજ જિલ્લા રજિસ્ટ્રાર અને કલેક્ટરને આપવામાં આવેલ આવેદનમાં કરવામાં આવેલ સભાસદોની સહીઓ અને રજુઆત ખોટી છે અને રીપોર્ટ પણ ખોટો છે તેવો ખોટો અહેવાલ જિલ્લા રજિસ્ટ્રારને મોકલતા સભાસદોમાં ઉગ્ર રોષ ફેલાયો છે અને બુધવારે મોડીરાત્રીએ ગ્રામજનો અને સભાસદો મંડળીમાં એકત્ર થઈ કથળેલા દૂધ મંડળીના વહિવટથી ત્રસ્ત આવી દુધ મંડળીને તાળાબંધી કરી હતી અને જ્યા સુધી કસ્ટોડિયન યોગ્ય અને ન્યાયિક રીપોર્ટ રજુ ન કરે ત્યાં સુધી દૂધ મંડળીનું તાળુ ખોલવામાં આવશે નહી તેવુ સભાસદોએ જણાવ્યુ હતુ. તેમજ કસ્ટોડિયને સભાસદોની જાણ બહાર જિલ્લા રજિસ્ટ્રારને બારોબાર અહેવાલ સુપરત કરી દેવાતા સભાસદોમાં ઊગ્ર રોષ ફેલાયો છે અને આ વિવાદનો યોગ્ય અંત ન આવે અને સભાસદોને યોગ્ય ન્યાય ન મળે તો ફરીથી જિલ્લા રજિસ્ટ્રાર અને ઉચ્ચ કક્ષાએ આવેદન આપી રજુઆત કરવાની પણ ગ્રામજનોએ ચીમકી ઊચ્ચારી હતી.

ચીફ ઓફિસર સાહેબ દબાણો દુર થશે ખરાં ?

પ્રાંતિજ સ્વામિ વિવેકાનંદ શોપીંગ સેન્ટર આગળના દબાણો સોમવારે હટાવાશે

નોટીસ ઉપર નોટીસો પાઠવી સમય પ્રસાર કર્યા બાદ આખરે નિર્ણય : સોમવારે દબાણો દુર કરવામાં આવશે ખરાં કે પછી તારીખ ઉપર તારીખ પડશે

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ સ્વામી વિવેકાનંદ શોપીંગ સેન્ટર માં દુકાનો આગળ થયેલ ગેરકાયદેસર દબાણો દુર કરવા મામલે હાલતો નોટીસો ઉપર નોટીસો પાઠવી ને સમય પ્રસાર કર્યા બાદ આખરે સોમવાર ના રોજ દબાણ દુર કરવાનો નિર્ણય લેવાયો છે.

પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત સ્વામી વિવેકાનંદ શોપીંગ સેન્ટર દુકાનો આગળ કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણ સેડ , ઓટલા , દુકાનો બહાર સુધી આગળ વધારીને દબાણ ને લઈને દબાણ હટાવવા બાબતે અવરનવર પ્રાંતિજ નગર પાલિકા માં દબાણ હટાવવા મામલે અરજદાર દ્વારા લેખિતમાં અરજી કર્યા બાદ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ખુદ નગરપાલિકા શોપીંગ સેન્ટર માં થયેલ દબાણ હટાવવા મામલે ખાલી નોટીસો ઉપર નોટીસો આપી સમય પ્રસાર કર્યો છે ત્યારે નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશ ભાઈ પટેલ ને આ અંગે

પુછતાં તેવોએ જણાવ્યુ કે અમે સ્વામિવિકાનંદ શોપીંગ સેન્ટર ના દુકાન દારો ને છેલ્લી નોટીસ પણ આપી દીધી છે અને નોટીસ આપ્યા ને આજે ચોથી દિવસ થયો છે અને અમે છેલ્લી નોટીસ માં દબાણ દુર કરવા ત્રણ દિવસ ની મહોલત પણ આપી હતી તો ચીફ ઓફિસર આકાશ ભાઈ પટેલ ને દબાણ દુર કરવા અંગે પુછતા તેવોએ જણાવ્યુ કે તા. ૧૨।૧૦।૨૦૨૦ સોમવાર ના રોજ દબાણ દુર કરવામા આવશે ત્યારે અગાઉ પણ પોલીસ બંદોબસ્ત સાથે દબાણ દુર કરવા માટે ધોડે ચડી ને ગયેલ નગરપાલિકા ના અધિકારીઓ લીલી તોરણે પરત ફર્યા હતાં અને પોલીસ અને નગરપાલિકાના કર્મચારીઓનો દિવસ નો સમય વેડફાયો હતો તો આ વખતે ફરી તા.૧૨।૧૦।૨૦૨૦ ને સોમવાર ના રોજ દબાણ હટાવવા માટે પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશ ભાઈ પટેલ જવાના છે ત્યારે હવે જોવું એ રહ્યું કે આ વખતે ખરેખર દબાણો દુર થશે કે કેમ પછી ખાલી પોલીસ તથા અન્ય અધિકારી સહિત ના લોકો નો ટાઈમ વેસ્ટ કરવામાં આવશે તે તો હવે જોવું રહ્યું ત્યારે હાલતો સીએમ ઓફિસ , જિલ્લા કલેક્ટર કચેરી તથા પ્રાંતિજ પ્રાન્ત કચેરી દ્વારા પણ દબાણ હટાવવા મામલે લેખિતમાં જાણકરી છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકા ખુદ પોતાના જ શોપીંગ સેન્ટરમાં કોના ઈસારે દબાણ હટાવી શકિત નથી તે તો આવનારા દિવસોમાં ખબર પડશે ત્યારે સોમવાર ના દિવસે ખરેખર દબાણો દુર થશે ખરાં એ તો હવે જોવું રહ્યું .!

ધનસુરામાં નાઈટ પેટ્રોલિંગ શરૂ કરવા માંગ

ધનસુરા તા.૯

ધનસુરા નગરમાં છેલ્લા કેટલાય સમયથી ઘરફોડ ચોરી બાઈકની ઉઠાંતરી ની ઘટનાઓ વધવા લાગી છે તાલુકાનું મથક છે અને ઘરની સંખ્યા વધુ છે સોસાયટી વિસ્તાર વધવા લાગ્યો છે હવે લોકોની જાનમાલની રક્ષા માટે નાઈટ પેટ્રોલીંગ વધારવાની જરૂર છે જરૂર પડે તો હોમગાર્ડ ની મદદ લઈ ગામમાં ચારે બાજુ પેટ્રોલિંગ જરૂરી છે છેલ્લા કેટલાય સમયથી ધોળા દિવસે ચેન સ્નેચિંગ ધાર્મિક વિધિના બહાને છેતરી લૂંટ ચલાવવાની ઘટનાઓ વધવા લાગી છે અને દિવસે પણ ખાનગી ડ્રેસમાં પોલીસ વોચ રાખવાની જરૂર છે ધનસુરા પીએસઆઈ સત્વરેધનસુરા ના પ્રજાની સલામતી માટે નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવે તેવી લોકોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

તલોદના કેટલાક વિસ્તારોમાં પીવાલાયક પાણી ગંદુ અને ધીમું આવતા મુશ્કેલીઓ સર્જાઈ

તલોદ, તા. ૯

તલોદપાલિકા વિસ્તારના મુખ્ય બજાર વિસ્તાર અને સોસાયટીઓના અને ગીચ રહેણાંક વિસ્તારોમાં પણ વર્ષોથી પાણી પુરવઠાની સ્થિતિ કથળેલી રહી છે. ઉપરના માળે રહેવાવાળાઓ માટે તથા કોમ્પલેક્ષોમાં ઉપર દુકાનો ચલાવતા લોકો માટે પાણી પુરવઠો મેળવવો ભારે કઠીન બાબત છે. કરોડો રૂપિયાની ગ્રાન્ટો તલોદનગર પાલિકામાં આવતી હોવા છતા પાણી પુરવઠાની યોગ્ય વ્યવસ્થાના નામે પાલિકાની બિન આવડત જેવી હાલત થઈ છે.

નવી નખાયેલી પાઈપલાઈનો નર્મદાનું પાણી આ બધી બાબતો યોગ્ય છે, પણ પાણી પુરવઠાની સ્થિતિ ત્રાસદાયક છે. એકવાર પાણી ના જ આપે અને એકદમ ધીમુ પાણી આવે તો તેમજ ગંદા પાણી પીવા માટે મળે તેવી સ્થિતિ સર્જાઈ છે. સવારે ગણતરીના મિનીટો માટે જ ધીમુ પાણી આવતા નગરની ગૃહિણીઓના ઈલે. મોટરોથી પાણી ભરવુ પડતુ હોય છે. જેથી લોકોનુ લાઈટબીલ પણ વધારે ભરવુ પડે છે. જેથી લોકો તલોદમાં મસમોટા સાત જેટલા

બોર ભરપુર પાણીવાળા છે તદ્ઉપરાંત નર્મદાનું પાણી પણ ટાંકામાં નાખી નગરમાં પુરૂ પડાતુ પાણી મોટી મુશ્કેલીમાં મુકાતા સામાન્ય અને મધ્યમ લોકોની હાલત કફોડી બની છે. ગંદકીયુક્ત મળતા પાણીથી આરોગ્ય સાથે પણ ચેડા થઈ રહ્યા છે.

બીજી તરફ અનેક માલેતુજાર લોકોએ સોસાયટીઓના તેમના બંગ્લા માટે બે થી ત્રણ જેટલા જોડાણો ગેરકાયદેસર લીધા હોવાની પણ અનેક ફરિયાદો લોકોમાં ઉઠી છે. અડધાની પાઈપલાઈનના બદલે એક ઈંચની પાઈપ લગાવી ભુતિયા અઢળક કનેક્શનોનો રાફડો ફાટી નિકળવા માંડ્યો છે. પરંતુ પાલિકાના નબળા વહિવટથીતંત્ર બિન આવડતવાળો સાબિત થયો છે. માત્ર કાગળો પર જ આ કાર્યવાહિ હોય છે જ્યારે બજારોમાં વગર પાસ પરમિટવાળા ધંધાદારીઓ તલોદના ડાહ્યા રાજકારણી સાચવતા હોવાથી ભુતિયા કનેક્શનથી પાણીનો અઢળક બગાડ કરી નજરે પડી છે. નગરની ઉત્પતીથી બનાવેલા ટાંકા ગંદકીથી ખદબદતા જીવજંતુથી ભરેલા હોવા છતા તેમના આરોગ્ય સાથે ચેડા કરી આવા સાફ સફાઈ અને સ્વચ્છ પાણી આપવા માંગ ઉઠવા પામી છે.

લાખણી હોસ્પિટલમાં ડૉકટરોની ઘટથી દર્દીઓને ભારે હાલાકી

રેફરલના ત્રણ ડોક્ટરમાંથી એક ડોક્ટરને પ્રતિનિયુક્ત તરીકે મુકાયા જ્યારે બીજા ડોક્ટરે રાજીનામું આપતા ડોકટરોની ઘટ થઈ

લાખણી ખાતે આવેલી રેફરલ હોસ્પિટલમાં એક જ મેડિકલ ઓફિસર ફરજ બજાવતા હોવાથી તેમજ બીજા કોઈ નિષ્ણાત ડોક્ટર

ન હોવાથી દર્દીઓ હાલાકી ભોગવી રહ્યા છે. જેથી તંત્ર દ્વારા વહેલી તકે મેડિકલ ઓફિસર તેમજ અન્ય નિષ્ણાત ડોક્ટરોની ભરતી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

લાખણી તાલુકાના ૫૩ ગામો વચ્ચે એક માત્ર મોટી હોસ્પિટલ લાખણી રેફરલ હોસ્પિટલ છે. ગ્રામ્ય વિસ્તારના લોકો બીમારી સમયે તેમજ લાખણી આજુબાજુમાં થતા અકસ્માતો, તેમજ ડિલિવરી સમયે લોકો તાત્કાલિક સારવાર માટે લાખણી રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવે છે. આ ઉપરાંત પણ લાખણી રેફરલ હોસ્પિટલમાં કાયમી સરેરાશ ૧૫૦ ઓપીડી તેમજ મહિને સરેરાશ ૫૦૦ થી ૬૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે. પરંતુ લાખણી રેફરલ હોસ્પિટલ ખાતે ત્રણ મેડિકલ ઓફિસરમાંથી એક મેડિકલ ઓફિસરને ગાંધીનગર ખાતે પ્રતિનિયુક્તિમાં મૂક્યા છે. જ્યારે એક મેડિકલ ઓફિસરે રાજીનામું આપતાં હાલમાં એક જ મહિલા મેડિકલ ઓફિસર ૨૪ કલાક ફરજ નિભાવી રહ્યા છે. તેથી તંત્ર દ્વારા ગાયનેક, પીડીયાટ્રીક, ફિઝિશિયન વગેરે જેવા નિષ્ણાત ડોક્ટરોની સાથે સાથે બે મેડિકલ ઓફિસરની નિમણૂક કરવામાં આવે તેવી લાખણી પંથકના લોકો માંગ કરી રહ્યા છે.

રાજસ્થાનના બાઈક ચોર માસ્ટર માઈન્ડ

અમરત બરંડાને અરવલ્લી પેરોલફર્લો સ્કોડે ઝાંઝરી નજીકથી દબોચ્યો

૧૦ બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલ્યો

જીલ્લામાં પ્રોહિબિશનની શક્ત કાર્યવાહી,ચોરી લૂંટના વણઉકેલ્યા ગુન્હાનોનો ઝડપથી ભેદ ઉકેલાઈ રહ્યો છે અરવલ્લી પેરોલફર્લો સ્કોડે રાજસ્થાનને અડીને આવેલ સરહદ ઝાંઝરી નજીકથી પસાર થતા અને બાઈક ચોર ગેંગના માસ્ટર માઈન્ડ એવા રાજસ્થાનના ગુડા ફલો ગામના અમરતભાઈ ઉર્ફે અમૃત ચંદુભાઈ બરંડાને દબોચી લીધો હતો અમરત ડામોર અને તેની ગેંગે ઈડર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ૧૦ બાઈક ચોરી કરવાના ગુન્હા નોંધાયેલ છે ૨૦૧૭ થી સાબરકાંઠામાં અનેક બાઈક ચોરીની ઘટનાઓને રાજસ્થાનના રાજ્યને અડીને આવેલા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં રાજસ્થાનની ઘરફોડ ચોરી અને વાહનચોરી કરતી ગેંગ છાસવારે બંને જીલ્લામાં ચોરી લૂંટની ઘટનાને અંજામ આપતી રહે છે બંને જિલ્લામાં બાઈક ચોરી કરતી ગેંગ બાઈક ચોરી પોલીસતંત્રને ચેલેન્જ આપી રહી છે ત્યારે રાજસ્થાનના રહેતા કેટલાક શખ્સોએ બાઈક ચોરીના રવાડે ચઢી જતા ગુજરાત અને રાજસ્થાનની પોલીસ માટે તેઓ શિરદર્દ સમાન બન્યા છે અરવલ્લી પેરોલફર્લો સ્કોડના પીએસઆઈ કે એસ સીસોદીયા તેમની ટીમને બાઈક ચોરીના ગુન્હાઓમાં સંડોવાયેલ અને શાતીર મગજ ધરાવતો અમરતભાઈ ઉર્ફે અમૃત ચંદુભાઈ બરંડા રાજસ્થાનમાંથી ઝાંઝરી તરફ આવવાનો હોવાની બાતમી મળતા તેમની ટીમે ઝાંઝરી બોર્ડર પર મહિલા પોલીસકર્મી દક્ષાબેન સાથે રાખી ધામા નાખ્યા હતા બાતમી આધારીત વર્ણન વાળો અમરત ડામોર ઝાંઝરી નજીકથી પસાર થતાની સાથે વોચમાં રહેલી પેરોલફર્લો ટીમે દબોચી લેતા અમરત ડામોરના હોશકોશ ઉડી ગયા હતા.

હિંમતનગર પાલિકામાં પ્રાદેશિક કમિશનર કચેરીની તપાસનો ધમધમાટ

પાલિકાના કર્મચારીઓમાં છુપો ફફડાટ : લાખ્ખો રૂપિયાની ખાયકી થયાની ચર્ચા

પાલિકાની ડમ્પીંગ સાઈટ પર થયેલા કામો શંકાના દાયરામપ : ગાંધીનગરથી આવેલા બે કર્મચારીઓએ ચીફઓફીસર સાથે બંધ બારણે ચર્ચા કરી

હિંમતનગર, તા.૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગર ખાતે આવેલ નગરપાલિકાના વહિવટ સામે ખુદ સત્તાધારી પક્ષના સભ્યો શંકા કરીને અંદરો અંદર ઘર્ષણમાં ઉતરી ગયા છે ત્યારે પાલિકાની કાટવાડ સ્થિત ડમ્પીંગ સાઈટ પર થયેલા માટી કામમાં જાણે અજાણે ટેન્ડરની રકમ કરતા વધુ નાણા ચુકવાયા હોવાની ચર્ચા બાદ સદસ્યોએ તે અંગે પાલિકા પ્રમુખ અને પ્રાદેશિક કમિશ્નર કચેરીમાં કરેલી લેખિત રજુઆત કર્યા બાદ અચાનક શુક્રવારે બે અધિકારીઓએ આવીને પાલિકાના ચીફઓફીસરની ચેમ્બરમાં બંધ બારણે બેઠક કરી હતી. જોકે આ અંગે ચીફઓફીસર કહે છે કે પ્રાદેશિક કચેરીમાંથી આવેલા અધિકારીઓ ટીપી રોડના નિરીક્ષણ માટે આવ્યા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ હિંમતનગર પાલિકામાં ભાજપનું શાસન છે ત્યારે અને ટુંકાગાળામાં નગરપાલિકાના સદસ્યોની મુદત પૂર્ણ થવાના આરે છે ત્યારે ભુતકાળમાં પાલિકાના કાટવાડ સ્થિત ડમ્પીંગ સાઈટ પર કેટલીક સગવડો ઉભી કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ હતું. જેનો ઈજારો મહેસાણા સ્થિત એક કંપનીને મળ્યો હતો. ત્યારબાદ ડમ્પીંગ સાઈટ પર માટીકામ કરવામાં આવ્યુ હતું. અને તે કામ લગભગ સાત લાખથી વધુનું અંદાજવામાં આવ્યુ હતું દરમિયાન ઈજારદારે તેનુ પ્રથમ બીલ પાલિકામાં રજુ કર્યું હતું. જ્યાં લગભગ રૂ?.૩૩ લાખની ચુકવણી કરી દેવાઈ હોવાની વિગતો વિરોધ પક્ષના સદસ્ય ઈમરાન અલજીવાલાએ જાહેર કયાબાદ સત્તાધારી પક્ષના સદસ્યોમાં નારાજગી પ્રસરી હતી.

જે અંગે આ સદસ્યોએ દુધનું દુધ અને પાણીનું પાણી કરવા માટે થોડા સમય અગાઉ પાલિકા પ્રમુખને તથા ગાંધીનગર સ્થિત પ્રદેશિક કમિશ્નર કચેરીમાં લેખિત જાણ કરાયા બાદ તપાસના ચક્રો ગતિમાન થયા છે. વિરોધ પક્ષના નેતાએ કરેલા આક્ષેપ મુજબ ગમે તે કારણસર પાલિકાના સત્તાવાળાઓએ ઈજારદારને ચુકવેલી રકમમાંથી કેટલીક રકમ બીજી બીલ રજી કરાયુ ત્યારે તેમાંથી વધારાની રકમની ચુકવણી બાદ કરી દેવામાં આવી હતી. તેમ છતા ઈજારદારને વધુ નાણા ચુકવાયા હોવાની આશંકા છે.

બીજી તરફ શુક્રવારે પ્રાદેશિક કમિશ્નર કચેરીમાંથી આવેલા એક મહિલા તથા એક પુરૂષ ઓફીસરે પાલિકાના ચીફઓફીસરની ચેમ્બરમાં જઈને વિગતે ચર્ચા કરી હતી. જેમાં સંલગ્ન વિભાગના વડાઓ પાસેથી પણ માહિતી મેળવવામાં આવી હોવાની ચચએ જોર પકડ્યુ છે ત્યારે પાલિકાના તમામ કર્મચારીઓમાં સોપો પડીગયો હોય તેમ બધા અકે હરફ પણ ઉચ્ચારવા તૈયાર નથી એ જે હોય તે આજે નહી તો કાલે દુધનું દુધ અને પાણીનું પાણી થયા વિના રહેશે નહી. કેટલાક પદાધિકારીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો હોવા છતા તેમણે એકપણ ફોન રીસીવ કરવાની તસ્દી લીધી નથી.

ચીફ ઓફીસર શું કહે છે

પ્રાદેશિક કમિશ્નર કચેરીના બે અધિકારીઓએ શુક્રવારે હિંમતનગરની મુલાકાત લઈને ચીફઓફીસર સાથે ચર્ચા કયની વિગતો બહાર આવ્યા બાદ ચીફઓફીસર યશપાલસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે હિંમતનગરના અક્ષય ટીપી રોડનું આગામી દિવસોમાં લોકાર્પણ થનાર છે ત્યારે નિરીક્ષણ કરવા માટે આ અધિકારીઓ આવ્યા હતા. તે સિવાય મારી સાથે કોઈ ચર્ચા થઈ ન હોવાનો દાવો કર્યો હતો.

પ્રજામાં થતી ચચમાં તથ્ય કેટલુ

એક બાજુ ચીફ ઓફીસ કહે છે કે પ્રાદેશિક કચેરીમાંથી આવેલા અધિકારીઓએ તેમને સાથે રાખી અક્ષય ટીપી રોડનું નિરીક્ષણ કર્યું હતું. તો બીજી તરફ કાટવાડ સ્થિત ડમ્પીંગ સાઈટ પર થયેલા કથિત માટી કામમાં થયેલા કૌભાંડની ચર્ચા શરૂ થઈ છે ત્યારે લોકોના કહેવા મુજબ ગાંધીનગરથી આવેલા બંને અધિકારીઓએ આવતાની સાથે જ પાલિકાની જાણ બહાર ડમ્પીંગ સાઈટની મુલાકાત લીધી હોવાની શક્યતા નકારી શકાતી નથી. જાણકારો તો એટલે સુધી કહે છે કે તપાસનો આ ધમધમાટ આગામી અઠવાડીયામાં વધુ તેજ ગતિએ આગળ વધશે.

અંબાજી મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવાયું છે કે, સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માતા મંદિરમાં આવતા યાત્રિકોની સુવિધા માટે આસો સુદ-૧ (એકમ) શનિવારને તા.૧૭/૧૦/૨૦૨૦થી આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

સવારે આરતી- ૭:૩૦ થી ૮:૦૦
સવારે દર્શન- ૮:૦૦ થી ૧૧:૩૦
રાજભોગ બપોરે- ૧૨:૦૦ કલાકે
બપોરે દર્શન- ૧૨:૩૦ થી ૧૬:૧૫
સાંજે આરતી- ૧૮:૩૦ થી ૧૯:૦૦
સાંજે દર્શન- ૧૯:૦૦ થી ૨૧:૦૦

અંબાજી મંદિરમાં નવરાત્રિ અંગેનો કાર્યક્રમ

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે નવરાત્રિ અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

(૧) ઘટસ્થાપન- આસો સુદ-૧ એકમ, શનિવારને તા.૧૭/૧૦/૨૦૨૦, સમય સવારે ૮-૧૫ થી ૯-૦૦ કલાકે
(૨) આસો સુદ આઠમ-૮ શનિવારને તા.૨૪/૧૦/૨૦૨૦ આરતી સવારે ૬-૦૦ કલાકે.
(૩) ઉત્થાપન- આસો સુદ આઠમ-૮ શનિવારને તા.૨૪/૧૦/૨૦૨૦
(૪) વિજયાદશમી- આસો સુદ દસમ-૧૦ રવિવારને તા.૨૫/૧૦/૨૦૨૦, સાંજના ૦૬-૧૫ કલાકે.
(૫) દૂધપૌઆનો ભોગ- તા.૩૧/૧૦/૨૦૨૨૦ ને શનિવારના રોજ રાત્રે ૧૨-૦૦ કલાકે તથા કપુર આરતી
(૬) આસો સુદ પુનમ-૧૫ શનિવાર તા.૩૧/૧૦/૨૦૨૦, આરતી સવારે ૬-૦૦ કલાકે.